ગાંધીનગર કોબા માર્ગના પીડીપીયુ જંકશન પર ફલાય ઓવર બનશે

ફલાય ઓવરના નિર્માણ પાછળ ૫૦ કરોડનો ખર્ચ કરાશે : એક કીમીના ફલાય ઓવરનુ કામ આગામી ચાર મહીનામાં શરૂ કરી દેવાશે

ગાંધીનગર તા ૨૯

ગાંધીનગર કોબા માર્ગ પર પી ડી પી યુ જંકશન પાસે રૂ ૫૦ કરોડના ખર્ચે ફલાય ઓવરનુ નિર્માણ કરાશે. નવા ફલાય ઓવરના નિર્માણ માટે નાયબ મુખ્યમંત્રીએ મંજુરી આપી દીધી છે. એક કી મીના આ ફલાય ઓવરના નિર્માણથી

એરપોર્ટ સહીત અમદાવાદના વિવિધ વિસ્તારમાં જવા માટે ટ્રાફિકની અવરજવર ઝડપી અને સલામત બનશે. આગામી ચાર મહીનામાં પ્રોજેકટને અનુલક્ષી વહીવટી પ્રક્રીયા પુર્ણ કરાયા બાદ કામગીરી પણ શરૂ કરી દેવાશે.

ગાંધીનગર તેમજ આસપાસના વિસ્તારમાં પણ માર્ગોને અપગ્રેડ કરવા માટે પણ તબક્કાવાર કામોને મંજુરી આપવામાં આવી રહી છે. સ્માર્ટ સીટી બનવા તરફ આગળ વધતા ગાંધીનગરમાં પણ ટ્રાફિકનો ધમધમાટ વિશેષરૂપે વધ્યો છે. જયારે ગાંધીનગર અમદાવાદ વચ્ચેનો વાહનવ્યવહાર પણ ધમધમી રહ્યો છે. એકબાજુ ચિલોડા સરખેજ માર્ગના પ્રોજેકટને અનુલક્ષી ઓવરબ્રિજનુ નિર્માણ કરવામાં આવી રહ્યુ છે. ત્યારે ગાંધીનગર કોબા માર્ગ પર પી ડી પી યુ જંકશન પાસે રૂ ૫૦ કરોડના ખર્ચે ફલાય ઓવર બનાવાની યોજનાને નાયય મુખ્યમંત્રી નિતીન પટેલે મંજુરી આપી છે.ટ્રાફિકની સમસ્યાને અનુલક્ષી આમ પણ માર્ગોના વાઈડનીંગ તેમજ ફલાય ઓવર બનાવવા માટે તબક્કાવાર કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. જયારે ગાંધીનગર થી અમદવાદ એરપોર્ટ તરફ જવા માટે પણ કોબા સર્કલ થઈને જતા માર્ગ પર ટ્રાફિકની અવરજવર વિશેષ જોવા મળે છે. ન્યુ ગાંધીનગરનો વિકાસ પણ ઝડપથી થતા માર્ગ સલામતીને અનુલક્ષી રોડ નેટવર્ક પણ સલામત બને તે માટે નવા કામો હાથ ધરવામાં આવી રહ્યા છે. આ સ્થિતિને ધ્યાને રાખી ગાંધીનગર કોબા માર્ગ પર પી ડી પી યુ જંકશન પર નવા ફલાય ઓવરના નિર્માણ માટેની યોજનાને મંજુરી આપી દેવામાં આવી છે. ફલાય ઓવરના લીધે આ વિસ્તારમાં સ્થિત શૈક્ષણિક સંસ્થાઓને અનુલક્ષી વિદ્યાર્થીઆની અવરજવર પણ સલામત બનશે.

ધોરણ-૧૦નું પરિણામ જાહેર

ગાંધીનગર, તા.૨૯

મોડીરાત્રે માધ્યમિક શિક્ષણ બોર્ડે ધોરણ-૧૦ની પરીક્ષાનું પરિણામ જાહેર કર્યું હતું. જોકે વિગતવાર પરિણામ શાળાઓ જ મેળવી શકશે. બોર્ડ દ્વારા માત્ર જીલ્લાના વિદ્યાર્થીઓનું પરિણામની સ્થિતિ જાહેર કરી હતી. કુલ ૮,૫૭,૨૦૪ વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેઠા હતા. જેમાંથી ૪,૯૦,૪૮૨ વિદ્યાર્થીઓ અને ૩,૬૬,૭૨૨ વિદ્યાર્થીનીઓનો સમાવેશ થાય છે.

ગાંધીનગર જિલ્લાનું ધો. ૧૦નું પરિણામ

કુલ વિદ્યાર્થી	૨૬૨૮૧
એ-૧ ગ્રેડ	૫૦૮
એ-૨ ગ્રેડ	૧૮૧૮
બી-૧ ગ્રેડ	૩૨૧૧
બી-૨ગ્રેડ	૪૪૮૫
સી-૧ ગ્રેડ	૫૧૨૬
સી-૨ ગ્રેડ	૪૮૯૬
ડી-ગ્રેડ	૬૨૩૭

અત્રે જાહેર થયેલા પરિણામમાં ૧૭૧૮૬ એ૧ ગ્રેડમાં ઉત્તિર્ણ થયા છે, જ્યારે ૧,૭૩,૭૩૨ ડી ગ્રેડમાં ઉત્તિર્ણ થયા છે.

તમામ વિદ્યાર્થીઓ ઉત્તિર્ણ થયાનું જાહેર કરાયું હતું. ગાંધીનગર શહેર - જિલ્લા ૨૬૨૮૧ વિદ્યાર્થીઓમાંથી ૫૦૮ વિદ્યાર્થીઓ એ-૧ ગ્રેડમાં ઉત્તિર્ણ થયા છે. મોડીરાત્રે જાહેર થયેલ પરિણામને કારણે વિદ્યાર્થીઓ પોતાનું પરિણામ બુધવારે બપોર બાદ જ શાળાઓમાંથી મેળવી શકશે.

જિલ્લામાં મંગળવારે માત્ર ૨૯૩૮નું જ વેક્સિનેશન

ગ્રામ્ય વિસ્તારમાં ૭ કેન્દ્રો પર વેક્સિનેશન થયુ તો શહેરમાં માત્ર ૧૨ સ્થાનો પર વેક્સિનેશન થયુ

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર જિલ્લામાં વેક્સિન મહા અભિયાન સાવ નિરસ બની જવા પામ્યુ છે. જિલ્લામાં આજે ૨૯૩૮ લોકોને વેક્સિન મહાઅભિયાન અંતર્ગત આવરી લેવામાં આવ્યા હતા.

જિલ્લામાં વેક્સિનેશન અભિયાન માટે આમ તો ૧૩૦ સેન્ટરોને મંજૂરી આપવામાં આવી હતી પરંતુ જિલ્લામાં આજે માત્ર ૧૯ સેન્ટરો પર જ વેક્સિનેશન થઈ શક્યુ હતુ.

વેક્સિનની જરૂરિયાત કરતાં સાવ ઓછો જથ્થો જિલ્લાને ફાળવવામાં આવી રહ્યો છે. ગ્રામ્ય વિસ્તારની વસ્તીને ધ્યાને રાખીને પણ આ જથ્થો ફાળવવામાં ન આવાતં ગ્રામીણ વિસ્તારમાં હવે રોષની લાગણી ઉભી થવા પામી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે માત્ર ૭ સેન્ટર પર રસીકરણની કામગીરી કરવામાં આવી હતી અને તેમાં ૧૦૯૮ લોકોને આવરી લેવામાં આવ્યા હતા જે આ મહાઅભિયાનનો સૌથી ઓછો આંક દર્શાવે છે.

શહેરમાં આજે ૧૨ સેન્ટરો પર વેક્સિનેશન શરૂ કરવામાં આવ્યુ હતુ અને બપોર સુધીમાં જથ્થો પતી જતાં તે પણ અટકી ગયુ હતુ. શહેરમાં આજે ૨૮૪૦ લોકોને રસીકરણ મહા અભિયાનમાં આવરી લેવામાં આવ્યા હતા.

જિલ્લામાં ૫૭૭.૯૩ લાખના ૩૫૧ કામોને આયોજન મંડળમાં મંજુરી

જિલ્લા આયોજન મંડળ બેઠકની વિડીયો કોન્ફરન્સના માધ્યમ દ્વારા સમીક્ષા કરતા પ્રભારી મંત્રી કૌશિક પટેલ

ગાંધીનગર, તા. ૨૯

મહેસૂલ મંત્રી કૌશિકભાઈ પટેલે જણાવ્યું છે કે જનસુખાકારીના કામો થકી ગુજરાતની વણથંભી વિકાસયાત્રામાં ઉત્તરોત્તર વધારો કરવા રાજય સરકાર કટિબધ્ધ છે. આ માટે સમયબધ્ધ આયોજન અને જરૂરી નાણાંકીય ફાળવણી કરીને અસરકારક કામગીરી કરી છે જેના પરિણામે નાગરિકોને મળતી સુવિધાઓમાં વધારો થયો છે.

આજે ગાંધીનગર જિલ્લાના પ્રભારી મંત્રી અને મહેસૂલ મંત્રી કૌશિક પટેલે ગાંધીનગર ખાતેથી વિડીયોકોન્ફરન્સના માધ્યમ દ્વારા ગાંધીનગર જિલ્લા આયોજન મંડળની બેઠક યોજીને નવા વિકાસકામોના આયોજનો અને થયેલ વિકાસ કામોની સમીક્ષા

ગાંધીનગર કલેકટર કચેરી ખાતે જિલ્લા વહીવટીતંત્રના ઉચ્ચ અધિકારીઓ સાંસદો, ધારાસભ્યો સહભાગી થઈ કર્યો વિચાર વિમર્શ

કરતા ઉમેર્યુ કે રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ વિકાસકામોનું આયોજન થઈ રહ્યું છે. કોરોનાના કપરાકાળમાં પણ રાજય સરકારના દ્રષ્ટિવંત આયોજનના પરિણામે રાજયની વણથંભી વિકાસ યાત્રાને અટકવા દીધી નથી. કોરોના અંતર્ગત પણ નાગરિકોની મહામૂલી જીંદગી બચાવવા અને સંક્રમણથી સુરક્ષિત કરવા માટે અમારી સરકારે અપ્રતિમ કામગીરી કરી જેના લીધે સંક્રમણને અટકાવવામાં સફળતા મળી છે એટલુ જ નહીં આગામી સમયમાં સંભવિત કોરોનાના ત્રીજા વેવ સંદર્ભે પણ નાગરિકોને ઉત્તમ સારવાર પૂરી પાડવા માટે એકશન પ્લાન તૈયાર કરી દેવાયો છે અને સચિવોની જવાબદારીઓ પણ નક્કી કરવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર

અધિક નિવાસી કલેકટર હનુમંતસિંહ જાડેજાની બદલી

આર.એ.સી. તરીકે સુશ્રી રિતુ સિંઘની નિયુક્તી, નાયબ જિલ્લા વિકાસ અધિકારી વદરની બદલી : ગ્રામ વિકાસ એજન્સીના નિયામકની ખાલી જગ્યા ભરાઈ

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગરના અધિક નિવાસી કલેકટર હનુમંતસિંહ જાડેજાની આજે બદલીના હુકમો જારી કરવામાં આવ્યા છે.

જાડેજાને કચ્છમાં ગ્રામ વિકાસ એજન્સીના નિયામક તરીકે નિમણુંક આપવામાં આવી છે. તેમના સ્થાને સુશ્રી રિતુ ડી. સિંઘની નિયુક્તી કરવામાં આવી છે. રિતુ સિંઘ ખાસ જમીન સંપાદન અધિકારી તરીકે મેરીટાઈમ બોર્ડમાં ફરજો બજાવતા હતા.

રાજયના સામાન્ય વહીવટ વિભાગે આજે ૭૦ જેટલા ગુજરાત વહીવટી સેવાના અધિકારીઓની બદલીના હુકમો જાહેર કર્યા છે

આજે કરાયેલા આ હુકમમાં ગાંધીનગર જિલ્લા પંચાયતમાં નાયબ જિલ્લા વિકાસ અધિકારી તરીકે ફરજો બજાવતા જિતેન્દ્ર

ગાંધીનગર જિલ્લામાં ફરીવાર નાયબ જિલ્લા વિકાસ અધિકારીની જગ્યા ખાલી પડી

વદરને જનરલ મેનેજર જી.એસ.આર.ટી.સી.માં મુકવામાં આવ્યા છે.

ગાંધીનગર જિલ્લામાં ફરીવાર નાયબ જિલ્લા વિકાસ અધિકારીની જગ્યા ખાલી પડી છે.

ઘણા સમયથી ખાલી રહેલી જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકની જગ્યા પર આજે નિમણુંક કરવામાં આવી છે. આ જગ્યા પર શ્રીમતિ ડી.જે. દેસાઈને નિયુક્ત કરવામાં આવ્યા છે. શ્રીમતિ દેસાઈ નાયબ કમિશ્નરેટ મ્યુનિ. કમિશનરમાં ફરજો બજાવતા હતા.

આમ જિલ્લામાં બે જગ્યાઓ ભરવામાં આવી છે પરંતુ એક જગ્યા ખાલી રાખવામાં આવી છે.

સુશ્રી રિતુ સિંઘ અગાઉ ગાંધીનગર કલેકટર કચેરીમાં ફરજો બજાવી ચુકયા છે જે નોંધનીય છે.

શહેરમાં કોરોનાનો એક કેસ નોંધાયો

ગ્રામ્ય વિસ્તારમાં ૧૦૨ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ : ત્રીજા દિવસે પણ ગ્રામ્યમાં '૦' કેસ

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાનો એક કેસ નોંધાયો છે. ગ્રામ્ય વિસ્તારમાં સતત ત્રીજા દિવસે '૦' કેસ છે.

ગાંધીનગર શહેરમાં તાજેતરમાં સમાવિષ્ટ કરાયેલા કોબા ગામેથી ૨૮ વર્ષીય યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

શહેરમાં આજે બે દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં હવે ૩૦ જેટલા દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ પાંચ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

ગ્રામ્ય વિસ્તારમાં હવે ૧૦૨ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જ્યારે ૯૬૦૪ દર્દીઓ કોરોનામુક્ત થયા છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે ૨૪૯ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

રાજયમાં આગામી પાંચ દિવસ વરસાદની કોઈ સંભાવના નથી

રાજયમાં અત્યાર સુધી ૪.૪૦ ઈંચ સાથે મોસમનો સરેરાશ ૧૩.૩૧% વરસાદ નોંધાયો

ગાંધીનગર,તા.૨૯

દક્ષિણ ગુજરાત સિવાય રાજયમાં આગામી પાંચ દિવસ સુધી વરસાદની કોઈ શક્યતા નથી. હવામાન વિભાગે અગાઉ આગાહી કરી હતી કે સુરત, વલસાડ, નવસારી, તાપીમાં સામાન્ય વરસાદની આગાહી કરવામાં આવી છે. તો માછીમારોને કાલથી ચાર દિવસ દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી છે. આ દરમિયાન પવનની ગતિ તેજ રહેવાની હોવાથી માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી છે. રાજયમાં હજુ ૮ ટકા વરસાદની ઘટ છે.

રાજયમાં અત્યાર સુધી ૪.૪૦ ઈંચ સાથે મોસમનો સરેરાશ ૧૩.૩૧% વરસાદ નોંધાયો. ગત વર્ષે ૨૮ જૂન સુધી ૪.૮૬ ઈંચ સાથે સરેરાશ ૧૪.૩૨% વરસાદ પડયો હતો.

તો અમદાવાદમાં પણ ૩ દિવસ વાદળછાયુ વાતાવરણ રહેશે. અમદાવાદમાં ૪ જુલાઈ સુધી ભારે વરસાદની સંભાવના નહીવત છે. અત્યાર સુધી અમદાવાદ જિલ્લામાં મોસમનો સરેરાશ ૫.૨૩ ઈંચ વરસાદ નોંધાઈ ચુક્યો છે.

તો આ તરફ છોટાઉદેપુર જિલ્લાના કેટલાક વિસ્તારોમાં ધોધમાર વરસાદ પડ્યો છે. રાત્રે છોટાઉદેપુરમાં ભારે પવન અને વીજળીના કડાકા સાથે વરસાદ શરૂ થયો હતો. ધંધોડા, ચીલરવાંટ, નાલેજ, રૂનવાડ સહિતના ગામોમાં વરસાદ પડ્યો હતો.

છોટાઉદેપુરમાં નિઝામી સોસાયટીમાં પાણી ભરાતા પ્રશાસનની પોલ ખૂલી તો આ તરફ વાવણી લાયક વરસાદથી ખેડૂતોમાં ખુશીનો માહોલ છે.

મહીસાગર જિલ્લાના કેટલાક વિસ્તારોમાં વરસાદ પડ્યો છે. સાંજ બાદ મહીસાગર જિલ્લાના વાતાવરણમાં અચાનક પલટો આવ્યો અને લુણાવાડા શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં પવન સાથે વરસાદ શરૂ થયો. તો આ તરફ બાલાસીનોર, ખાનપુર, સંતરામપુર સહિતના વિસ્તારોમાં પણ ધીમીધારે તો ક્યાંક ભારે વરસાદી ઝાપટું પડ્યુ છે.

સે-૧૪ ગોકુલપુરામાં ઉભરાતી ગટરની સમસ્યાને ડામવા ચેમ્બરોની સફાઈ કરાઈ

ગાંધીનગર તા ૨૯

શહેરના સે-૧૪ ગોકુલપુરા વિસ્તારમાં ગટરો ઉભરાવાની સમસ્યાને ડામવા માટે મહાનગર ભાજપ વોર્ડ નં-૬ ના ઉમેદવારોના પ્રયાસ અને તંત્રના સહયોગથી ૧૫ ગટર ચેમ્બરોની સફાઈ કરવામાં આવી હતી. જયારે ગટર ચેમ્બરની સફાઈના અંતે ગટર લાઈનની

સમસ્યા હલ થતા સ્થાનિકામાં પણ હાંશકારો પ્રવર્તયો છે.

શહેરના સેકટરોમાં ગટરો ઉભરાવાની સમસ્યા સમયાંતરે ઉઠતી રહે છે. સેકટરોમાં ગટરોની ફરિયાદો નિવારવા માટે રોબો તેમજ જેટીંગ મશીનના આધારે કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. વરસાદી દિવસોમાં માટી પોલાણના લીધે ગટર લાઈનના મેઈન હોલમાં ગાબડા પડવાની ફરિયાદો પણ વધી છે. ત્યારે તંત્રની ટીમે મેઈનહોલનુ સમારકામ પણ હાથ ધર્યુ છે. સેકટરોમાં આ કામ ચાલી રહ્યુ છે. શહેરના સે-૧૪ માં સ્થિત ગોકુલપુરા વિસ્તારમાં પણ ઘણાં સમયથી ગટરના દુષિત પાણી ઉભરાતા હોવાની ફરિયાદો સ્થાનિકો માટે આક્રોશનુ કારણ બન્યુ છે. આ વિસ્તારમાં છેલ્લા ઘણાં સમયતી ગટરો ઉભરાતા સ્થાનિક રહીશો તાબોબા પોકારી ગયા હતા. આ સ્થિતિને અનુલક્ષી મહાનગર ભાજપના વોર્ડ નં-૬ના ઉમેદવારો ગૌરાંગ વ્યાસ, મફતભાઈ દેસાઈ,ભાવનાબા ગોલ, પ્રેમલતા મહેરિયા, પુર્વ પ્રમુખ નિલેશ મહેરીયા,તેમજ સ્થાનિક રહીશો અને કાર્યકર્તાઓએ તંત્રના સહયોગથી ૧૫ થી વધુ ગટર ચેમ્બરોની સફાઈ કરી હતી. અદ્યતન સામગ્રીના ઉપયોગથી ગટર ઉભરાવાની ફરિયાદો ડામવા માટે ઉમદા કામગીરી કરી હતી. પ્રશ્નનો નિકાલ આવતા સ્થાનિકોમાં પણ સંતોષની લાગણી વ્યાપી છે.

ગરીબ લાભાર્થીઓને કનડગત કરતા ગુડાના તંત્ર સામે પ્રધાનમંત્રીને રજુઆત કરાશે

ગાંધીનગર તા ૨૯

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા રાયસણ ,ચિલોડા, અડાલજ તેમજ સરગાસણમાં આવાસ યોજનાનુ નિર્માણ કરવામાં આવ્યુ છે. જયારે એલ આઈ જી અને એમ આઈ જી આવાસોનો કબજો પણ લાભાર્થીઓને આપી દેવાયો છે. હાલ લાંબા સમયથી આ આવાસોમાં રહીશોનો વસવાટ છે. જયારે કેટલાક કિસ્સામાં ગુડાના આ આવાસો ભાડાપેટે આપવામાં આવ્યા છે. ત્યારે ગુડાએ ભાડુઆતોને મકાનો ખાલી કરાવવા માટે વારંવાર દબાણ કરવામાં આવે છે. ગુડા નિર્મિત આવાસોમાં એકબાજુ જાળવણીના નામે મીંડુ છે. આવાસોમાં લીફટ સહીતની સુવિધાઓ બંધ છે. લાંબા સમયથી આવાસમાં ભેજ આવતા આવાસોના અસ્તિત્વ સામે પણ ખતરો મંડરાયો છે. જયારે આવાસાની બહાર નિર્માણ કરાયેલી દુકાનો પણ ઉપયોગના અભાવે ખંડેર બની છે. સફાઈના અભાવે આસાપાસ ગંદકીના ઢગ ખડકાયા છે. ગુડા દ્વારા આવાસના કબજેદારો પાસેથી જાળવણી માટે વસુલવામાં આવેલી તગડી રકમના અંતે પણ રહીશોને કોઈ સુવિધા મળતી નથી. ત્યારે ગુડાના તંત્રએ કોરોના કાળમાં ભાડુઆતોને નોટીસ આપી મકાન ખાલી કરાવવા કડક કાર્યવાહી શરૂ કરી છે. ભાડુઆતોનો કિસ્સામાં

ગુડાના આવાસો જાળવણીના અભાવે ખંડેર બન્યા છે ત્યારે ભાડુઆતોનુ બહાનુ ધરીને ગુડાના તંત્રએ હાથ ઉંચા કરી દીધા : હાલ કોરોના કાળમાં જરૂરિયાતમંદ ભાડુઆતોને મકાન ખાલી કરાવી નિયમો સમજાવતા તંત્ર સામે મકાન માલિકો આગ બબુલા : આવાસ નિર્માણની ગુણવત્તા અને જાળવણીના મામલે અત્યાર સુધી ગુડાના તંત્રએ સતત આંખ આડા કાન કર્યા છે : પ્રધાનમંત્રીને પોર્ટલ પર રજુઆત કરાશે

ગુડા મકાન સીલ કરવા સુધીની કાર્યવાહી કરતા લાભાર્થીઓમાં આક્રોશ પ્રવર્તયો છે. આ તબક્કે ગુડાનુ તંત્ર નિયમો અને શરતોને આધીન કાર્યવાહી કરતુ હોવાની વાતો હાંકે છે પરંતુ નિયમ મુજબ ગુડાએ આ આવાસોની યોગ્ય દરકાર લેવી જોઈએ તે લીધી નથી. ગરીબો માટે આવાસોનુ નિર્માણ કરાયા બાદ હાલ જાળવણીનો ખર્ચ પણ તેમની માથે પડયો છે. લાભાર્થીઓને લોનના હપ્તા કેમ પુરા કરવા તેની મુંઝવણ છે. ત્યારે કરોડોના ખર્ચે નિર્માણ કરાયેલા આવાસોના બાંધકામ અને જાળવણીના મામલે ભ્રષ્ટાચાર થયો હોવાનો આક્રોશ પણ પ્રબળ બન્યો છે. આવા સંજોગોમાં કોરોનાના કપરા કાળમાં બે ટાઈમ પેટ ભરવાની મથામણ કરતા પરિવારજનોને ભાડાના નિયમો સમજાવી લાચાર લાભાર્થીઓને તંગ કરવામાં આવી રહ્યા હોવાનો પ્રબળ રોષ પણ રહીશો ઠાલવી રહ્યા છે. પ્રધાનમંત્રીએ પણ અગાઉ કોરોના કાળમાં કોઈપણ ભાડુઆતને મકાન ખાલી ન કરાવવા તેમજ તેમને કોઈ કનડગત ન કરવા માટે મકાન માલિકોને પણ અપીલ કરી હતી

● અનુસંધાન પાન-૭ પર

દ્વિતિય માસિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

નથી છતાંય હયાત છો એમ હંમેશા લાગ્યા કરે છે
આપની હાજરીનો આભાસ હંમેશા રહ્યા કરે છે
કહેવાયેલી વાતોના ભણકારા હંમેશા વાગ્યા કરે છે
યાદોમાં આપના દર્શન હંમેશા થયા કરે છે.
પ્રભુ આપના આત્માને ચિર શાંતિ અર્પે એજ પ્રાર્થના...

સ્વ. તારામતીબેન બિપીનકુમાર પરમાર
સ્વ. તા. ૩૦-૪-૨૦૨૧

લી.
સંજય પટેલ, ભરતભાઈ પટેલ, મેહુલ પટેલ, દેવાંગ પંડિત, દિનેશ એસ. પરમાર, ગણપતભાઈ પરમાર, ચંન્દ્રેશભાઈ દવે, જયેશભાઈ જોષી, અમિત ઠાકરે (કેનેડા)
કાન્તીભાઈ પટેલ, મિનેષ પટેલ, રાજુભાઈ વી. પટેલ, દિનેશભાઈ શ્રીમાળી, ભાનુભાઈ શુક્લ, અલ્પેશભાઈ ઠાકર, કિરણ ટંડેલ, ચેતન ત્રિવેદી
રામજીભાઈ પરમાર, રાજુભાઈ સોલંકી, નરેશભાઈ ભટ્ટ, સતિષભાઈ મુદલીયાર, શરદભાઈ પટેલ, પંકજભાઈ સોની, પ્રવિણભાઈ શ્રીમાળી, તુષાર પંડ્યા, રોહન પી. ત્રિવેદી

મિત્રમંડળ, સેક્ટર-૩-ન્યુ, ગાંધીનગર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar — experience bathing
DR. FIXIT
TATA — STEEL • PIPES • SHEETS
ET TMT BARS — Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com